## "પરસ્પર સહયોગથી નવીનીકરણ"



કૃષિ ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર ખેડૂતને આત્મા પ્રોજેકટ અન્વયે એવોર્ડ આપવામાં આવે છે. રાજય સ્તરીય આ "બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ" વર્ષ ૨૦૦૯ – ૧૦ માં શ્રી ભરતભાઈ છીતુભાઈ પટેલ, ગામઃ જુના બોર ભાઠા, તાઃ અંકલેશ્વર ને મળેલ. વર્ષ ૨૦૦૮ – ૦૯ માં આ જ એવોર્ડ શ્રી ઉદયસિંહ ભગુભાઈ પટેલ, ગામઃ આંકલાવ, તાઃ હાંસોટ ને મળેલ. તેમજ વર્ષ ૨૦૦૭ – ૦૮ માં આ એવોર્ડ શ્રી હર્નિસભાઈ ઝવેરભાઈ પટેલ, ગામઃ જુના છાપરા, તાઃ અંકલેશ્વર ને મળેલ. શ્રી હર્નિસભાઈ ના કહેવા મુજબ સતત ત્રણ વર્ષના આ એવોર્ડ ભરૂચ જીલ્લાના ખેડૂતોને મળયા તેનો યશ કંઈક અંશે ભરૂચ જીલ્લામાં નાબાર્ડ દ્વારા પ્રયોજીત 'ફાર્મર્સ કલબ' ની પ્રવૃતિ ના ફાળે જાય છે.




શ્રી હર્નિસભાઈ પોતે આવી એક 'ક્રિયેટીવ ફાર્મસ કલબ' ના અધ્યક્ષ છે. જેના સભ્યો જરૂરી ખેત સાધન–સામગ્રીની સામુહિક ખરીદી, ખેતીમાં વૈજ્ઞાનિક ઢબ અપનાવવા સાથે પ્રાથમિક પ્રસંસ્કરણ કરી ખેત ઉપજની મૂલ્ય વૃધ્ધિ અને સચોટ વેચાણ વ્યવસ્થા ઊભી કરી ઉંચું વળતર મેળવીને પરસ્પર લાભાંવિત થયા, અને ટુંકા સમયગાળામાં આર્થિક સધરતા પ્રાપ્ત કરેલ છે.

કોઈપણ સફળતામાં જરૂરી હોય છે તેમ ભરૂચ જીલ્લામાં 'ફાર્મર્સ કલબો' ની સફળ શરૂઆત વર્ષ ૨૦૦૩ – ૦૪ માં તત્કાલીન સહાયક મહા પ્રબંધક (જીલ્લા વિકાસ) શ્રી રાજેશભાઈ દવે એ આત્મીય પ્રયાસો કરેલ. ખેડૂતોનું સ્વમાન જાગૃત કરી પોતાની ખેતી પરત્વે ગર્વ અનુભવ કરાવવાની તેમની કળા તેમજ ખેતીને લાભદાયક બનાવવા માટે જરૂરી 'આર્થિકક્ષમ પ્રમાણમાપ' પ્રદાન કરવાની સૂઝ સાથે નેતૃત્વ પુરુ પાડવાના સતત પ્રયાસો એ આ પરિણામ પ્રદાન કર્યુ. તેમાં 'ડેક્કન એગ્રો' માં નોકરી કરતા કૃષિ ક્ષેત્રના તજજ્ઞ શ્રી મધુભાઈ આંબલીયા દ્વારા વખતો વખત



મુલાકાતો લઈ સતત માર્ગદર્શન કરી નોંધનીય સહયોગ પ્રાપ્ત થયેલ તેવું શ્રી હર્નિસભાઈએ જણાવ્યું.

અંકલેશ્વર તાલુકાના જુના છાપરા ગામ ખાતે શ્રી હર્નિસભાઈ પટેલ અને તેમના મિત્રો શ્રી પ્રફુલભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી દિવ્યેશભાઈ અને શ્રી પ્રતિકભાઈ વગેરે એ કૃષિ ક્ષેત્રે પરસ્પર સહયોગ સાધવાની પ્રવૃતિ સને ૨૦૦૦ ના વર્ષથી શરૂ કરેલ. આમ કરવાથી સભ્યોને લાભ થતા, વર્ષ ૨૦૦૪ – ૦૫ માં ગામના ૨૦૦ જેટલા ખેડૂતો સભ્ય થયેલ. સૌ એ પોતાના અનુભવો પારદર્શકતાથી બધાને બતાવવા અને સાચી હકીકત જાણવવી અને એ રીતે એકબીજાના અનુભવથી સૌ એ લાભાંવિત થવું તેવો પાયાનો સિધ્ધાંત અપનાવવાનું શરૂઆતથી જ નક્કી કરેલ.



શરૂઆત બીયારણની ખરીદીથી કરેલ. જે સભ્યો ને સારા બીયારણનો પોતાનો અનુભવ હોય તે જણાવે અને તે રીતે પારસ્પરિક પરામર્શથી કોઈપણ એક સારી અને અનુકુળ જાત નક્કી કરી દરેક સભ્યની બીયારણની જરૂરીયાત એકત્ર કરી સંયુકત ખરીદી કરવાનું ચાલુ કરેલ. આમ કરવાથી, સારી જાતનું અને સસ્તું બીયારણ સૌ ને મળતું થયું. તે જ રીતે દવા, ખાતર તથા અન્ય સાધન–સામગ્રી ની ઉચ્ચ ગુણવત્તાની પુરે પુરી ખાતરી કરીને સંયુકત ખરીદી કરવાથી ખુબ જ લાભ મળતો થયેલ.

સામુહિક ખરીદીના પ્રયોગ બાદ હવે પછી શું ? તેનો સતત વિચાર / પરામર્શ કલબના સભ્યો દ્વારા કરી પ્રતિ એકમ વિસ્તારમાં મુલ્યવાન અને વધુ ઉપજ કેમ મેળવવી તેવા પ્રયાસ કરવાનું નક્કી થયેલ. લાંબા મંથન પછી નક્કી થતા પાક જેવા કે પપૈયા, ભીંડા, તરબુચ જેવા પાકોના એક એકર વિસ્તાર માટેની બીયારણ, જરૂરી દવા, પાવડર, સુક્ષ્મ તત્વો વગેરે સામગ્રી તથા તેની માવજતોની વિગત ધરાવતા સાહિત્ય સાથેની કીટ તૈયાર કરી સભ્યોને વહેચવામાં આવતી. આ રીતે, દરેક સભ્ય દ્વારા વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાનું સને ૨૦૦૭–૦૮ થી શરૂ કરેલ. આમ કરવાથી સારી ગુણવત્તાની તથા સ્ટાન્ડર્ડ કંપનીની ખેત સાધન–સામગ્રી મળવા સાથે પ્રતિ એકર રૂ. ૫૦૦ થી ૬૦૦ નો ફાયદો થયેલ.





સામુહિક ધોરણે એક જ કંપનીનું અને એક જ જાતનું બીયારણ ખરીદ કરવાથી એક સરખી ગુણવત્તાવાળુ ઉત્પાદન જથ્થામાં થવા લાગેલ. જેની યોગ્ય વેચાણ વ્યવસ્થા ગોઠવી વધુ ફાયદો મેળવવાનું શરૂ કરેલ. જેમ કે પપૈયા ('રેડ લેડી–૭૮૬') ના પાકનો વિસ્તાર ૩૦૦ એકર થયેલ. તે જ રીતે આખું હાંસોટ ગામ ભીંડાની ખેતી કરતા થયેલ, જે હવે લગભગ આખા તાલુકામાં થાય છે. જેના ઘણા ઘણા લાભો થયેલ, તેની વાત અલગથી કરીશું.

જથ્થામાં થતા ઉત્પાદનના વેચાણ માટે પહેલા આસપાસની 'એ.પી.એમ.સી.' તથા મુંબઈ, સુરત, અમદાવાદ, દિલ્હી, લુધીયાણા વગેરે શહેરોના બજારોમાં જે પાક અને જાતની વધુ માંગ રહેતી હતી તેની જાત તપાસ કરી યાદી તૈયાર કરેલ. દરેક સભ્યશ્રી પરસ્પર ચર્ચાથી વાકેફ થઈ વધુ માંગ અને વધુ વળતર આપતા પાકોની સામુહિક ખેતી કરવાની સમજુતી કરેલ. એટલુ જ નહી પણ, વાવેતર કર્યા પછી જે તે પાકની માંગ અને ભાવ અંગે સર્વે કરવા ત્રણ–ત્રણ સભ્યોની ટુકડીઓએ જુદા–જુદા શહેરોની રૂબરૂ મુલાકાત કરી અગ્ર વેપારીઓની યાદી પણ તૈયાર કરેલ. વેચાણ વ્યુહરચનાના ભાગ રૂપે નક્કી કરેલ સભ્યશ્રીઓ રોજે રોજ ફોનથી સંપર્ક કરી વધુ ભાવ આપતા સ્થળની જાણ કરે તે સારૂ એક ટીમની રચના કરેલ. આમ, જયાં વધુ ભાવ મળે તેવું હોય ત્યાં વેચાણ કરવાનું ચાલુ કરેલ. પછીથી રોજે રોજ ટેલીફોનથી ભાવોની તપાસ કરી ઓર્ડર લેવાનું અને તેટલો માલ જુદી જુદી કલબો પાસેથી ભેગો કરીને મોકલવાનું ચાલું કરેલ. આમા મુખ્ય બાબત એ હતી કે, રોકાણ અને વેચાણ વ્યવસ્થાપન સૌ ભેગા મળીને કરતા તેથી ઘણું વધુ વળતર મળતું થયેલ. ફળસ્વરૂપે જીલ્લાના કરજણ, વાલીયા, હાંસોટ, ભરૂચ વગેરે તાલુકાઓની જુદી જુદી 'ફાર્મર્સ કલબો' દ્વારા પપૈયાનું ગૃપ માર્કેટ કરીને વર્ષ ૨૦૦૯ – ૧૦ માં રૂા. ૨.૧૬ કરોડનું ટન ઓવર કરેલ. એ જ રીતે રૂા. ૧૪.૦ પ્રતિ કિલોના સરેરાશ ભાવે રૂા. ૧.૧૨ કરોડના તળબુચ દિલ્હી મોકલાવેલ. ખ્યાતિ બંધાતા, દિલ્હીના વેપારીઓ આગોતરૂ ચુકવણું આપતા તેમજ ભાવો પણ સામેથી કહેતા થયેલ છે.






શ્રી હર્નિસભાઈના જણાવ્યા મુજબ તેઓ વ્યક્તિગત રીતે ૬ થી ૭ ટન પ્રતિ એકર વિશાલા જાતના તરબુચ અને તાઈવાન પપૈયાનું ઉત્પાદન કરતા અને તે ૧૦ કિલો ના પેકીંગમાં ટ્રકમાં ભરીને જાતે વેચવા જતા. આ ઉપરાંત પીળા અને લાલ કલરના 'ચેરી ટામેટા' અને 'કેપ્સીકમ' મરચાંનું પણ ઉત્પાદન લીધેલ. હાલમાં તેઓ ટેલીફોન પધ્ધતિથી શાકભાજી કરી સારૂ ઉત્પાદન મેળવે છે. હવે એક એકરનું પોલી હાઉસ પણ કરેલ છે. જેમાં 'કેપ્સીકમ' જાતના મરચાંનું છેલ્લા બે વર્ષ થી ઘણું સારૂ ઉત્પાદન મેળવે છે. ચાલુ વર્ષે પોલી હાઉસમાં ફુલોની ખેતી કરવા અંગે આયોજન કરી રહેલ છે.

શ્રી હર્નિસભાઈ પોતે માત્ર ૨.૫ એકર જમીન ધરાવે એટલે કે, નાના ખેડૂત છે છતા તેઓ પાસે ૪૦ હોર્સ પાવરનું ટ્રેક્ટર, રોટાવેટર, ઓરણી વગેરે બધા જ ઓજારો અને પોતાનો બોર છે. સારા જીવન ધોરણથી જીવવા સારૂ જરૂરી બધી જ ચીજ વસ્તુઓ જેમ કે કાર, મોટર સાયકલ, ફ્રીજ, ટીવી, ઘરઘંટી વગેરે સવલતો સહિતનું સુખાકારી ભર્યુ જીવન જીવે છે. આ હકીકત પરથી ફલિત થાય છે કે, જમીન જોડવાની જરૂર નથી ફક્ત ખેડૂતોના માનસિક જોડાણ દ્વારા એકતા સમધવાથી ખેતી ને ઉત્તમ વ્યવસાય બનાવી શકાય છે.

**સંપર્ક**

**સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**

(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

કાર્યવાહક સંચાલક (કૃષિ),

કૃષિ વિંગ, ૧૨/૩–સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર–૩૮૨ ૦૧૦

ફોન નં. ૦૭૯–૨૩૨૫૨૧૭૨, ફેક્સ નં. ૨૩૨ ૨૩૦૫૬

ઈ મેઈલ : ed.cd.ssnnl@gmail.com